


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग "जन फरियाद"

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-22 ■ અંક-04 ■ તા. 21-01-2018 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### સુપ્રીમના ચાર જજ દ્વારા અસંતોષ વ્યક્ત કરાયા બાદ અંતે નિર્ણય

# જજ લોયાના મોત સંબંધિત કેસમાં ચીફ જસ્ટીસ પોતે સુનાવણી કરશે

## મિશ્રાએ સુનાવણીથી પોતાને અલગ કરી લીધા બાદ લોયાના મોત સંબંધિત કેસની સુનાવણી કોણ કરશે તેને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો

નવી દિલ્હી,

જજ બીએચ લોયાના જે કેસને લઈને સુપ્રીમ કોર્ટના ચાર વરિષ્ઠ જજે બળવો કર્યો હતોતેની સુનાવણી હવે પોતે ચીફ જસ્ટીસ દિપક મિશ્રા કરનાર છે. આ મામલામાં જસ્ટીસ અરૂણ મિશ્રાની બેચ સુનાવણી કરી રહી હતી.ચાર જજ દ્વારા જાહેરમાં વાંધો ઉઠાવીને આની સામે વિરોધ કર્યાથી અટકળોનો દોર ચાલી રહ્યો હતો. ચાર જજ દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ જસ્ટીસ અરૂણ મિશ્રાએ પોતાને સુનાવણીથી અલગ કરી લીધા બાદ આ મામલે સુનાવણી કોણ કરશે તેને લઈને ચર્ચા ચાલી રહી હતી. જસટીસ અરૂણ મિશ્રાએ પોતે કહ્યુ હતુ કે આ મામલે યોગ્ય બેચ સુનાવણી કરે તે જરૂરી છે. તેમના નિવેદન બાદથી ભારે સસ્પેન્સની સ્થિતી હતી. હવે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ પોતે જજ લોયાના મોત સાથે સંબંધિત કેસમાં સુનાવણી કરવાનો નિર્ણય કર્યો છે. આ મામલામાં ચીફ જસ્ટીસની બેંચમાં હવે અન્ય જજ જસ્ટીસ એએમ ખાનવિલકર અને જસ્ટીસ ડીવાય ચન્દ્રચુડ રહેશે. સુપ્રીમ કોર્ટના કોજલિસ્ટને ટાંકીને કહેવામાં આવ્યુ છે કે જજ લોયાની મોત સાથે સંબંધિત કેસમાં સુનાવણી હવે દિપક મિશ્રા કરનાર છે. તેમની સામે આ કેસ લાવવામાં આવનાર છે. ચીફ જસ્ટીસ ૨૨મી જાન્યુઆરીના દિવસે આ મામલામાં સુનાવણી હાથ ધરનાર છે. અત્રે નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટના ચાર જજે આક્ષેપ કરતા કહ્યુ હતુ કે મહત્વપૂર્ણ મામલામાં સીજેઆઇ વરિષ્ઠતાનુ ધ્યાન રાખતા નથી. રાષ્ટ્રીય મહત્વના સંવેદનશીલ મામલાને વરિષ્ઠ જજને સોંપવામાં આવી રહ્યા નથી. ચાર સિનિયર જજના આરોપ બાદ દેશમાં ખળભળાટ મચી ગયો હતો. સ્વતંત્ર ભારતમાં પ્રથમ વખત સુપ્રીમ કોર્ટના ચાર જજ દ્વારા હોબાળો કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ચીફ જસ્ટીસે કેટલાક મહત્વપૂર્ણ મામલાની સુનાવણી માટે રચવામાં આવેલી બંધારણીય બેંચમાં આ ચાર જજનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. ચીફ જસ્ટીસે આધાર કેસ, કલમ ૩૭૭ અને સજાતીય કેસ સહિત મહત્વપૂર્ણ મામલાની સુનાવણી માટે બંધારણીય બેંચની રચના કરી હતી. તેમાં જસ્ટીસ જે ચેલમેશ્વર, જસ્ટીસ રંજન ગોગોઇ, જસ્ટીસ એમબી લાકુર અને જસ્ટીસ કુરિયન જોસેફને સામેલ કરવામાં આવ્યા ન હતા. આ ચારેય જજે પત્રકાર પરિષદ યોજીને ચીફ જસ્ટીસની કાર્યપ્રણાલીની સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. અત્રે નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટના ચાર જજે જ્યારે મિડિયાની સામે આવીને તેમની રજૂઆત કરી ત્યારે દેશમાં સનસનાટી મચી ગઇ હતી. એ વખતે પણ જજ લોયાના મોત સંબંધિત મામલો ઉઠ્યો હતો.એ વખતે જસ્ટીસ કુરિયને કહ્યુ હતુ કે અમે આનો ઈન્કાર કરતા નથી. સુપ્રીમ કોર્ટમાં જજ લોયાના મોત સાથે સંબંધિત એક અરજી કોંગ્રેસના નેતા તહસીન પુનાવાલા દ્વારા દાખલ કરવામાં આવી ચુકી છે. બીજી અરજી મહારાષ્ટ્રના પત્રકાર દ્વારા દાખલ કરવામાં આવી છે. જજ લોયા સીબીઆઈના ખાસ કોર્ટમાં સોહરાબુદ્દીન બનાવટી એન્કાઉન્ટર કેસમાં ધ્યાન આપી રહ્યા હતા. આ હાઈપ્રોફાઈલ કેસમાં વર્તમાન ભાજપ અધ્યક્ષ અમિત શાહ સહિત ગુજરાતના કેટલાક મોટા અધિકારીઓના એક વખતે નામ હતા. આ મામલામાં અમિત શાહ નિર્દોષ જાહેર કરવામાં આવી ચુક્યા છે. ડિસેમ્બર ૨૦૧૪માં નાગપુરમાં જજ લોયાનુ મોત થયુ હતુ. એવા હેવાલ આવ્યા હતા કે હાર્ટ અટેકના કારણે લોયાનુ નિધન થયુ હતુ. જો કે તેમના અવસાનને લઈને કેટલાક પ્રશ્નો સપાટી પર આવ્યા હતા. કોંગ્રેસ સહિત બીજી પાર્ટીઓએ તેમાં તપાસની માંગ કરી હતી. જજ લોયાના મોતના મામલે નિષ્પક્ષ તપાસની માંગ કરવામાં આવી હતી. જો કે સ્વર્ગસ્થ જજ લોયાના પુત્ર અનુજ લોયાએ હાલમાં જ પત્રકાર પરિષદ યોજીને કહ્યુ હતુ કે તેમને કોઈ પર શંકા નથી. પુત્રે કહ્યુ હતુ કે તેમના પિતાનુ અવસાન શંકાસ્પદ સ્થિતીમાં થયુ ન હતુ. અનુજે એમ પણ કહ્યુ હતુ કે બિનજરૂરી વિવાદ જગાવવાની જરૂર નથી. તેમણે તેમના પિતાના અવસાનના મામલે કોઇ પણ પ્રકારની તપાસની જરૂર હોવાનો ઈન્કાર કર્યો હતો. જો કે હાલમાં ચાર સિનિયર જજ દ્વારા આ મામલો ફરી એકવાર ઉઠાવવામાં આવ્યા બાદ રાજકીય ગરમી વધી ગઈ છે.



અમદાવાદ અને ગાંધીનગર પાસેના વિસ્તારોમાં હાઈવે અને ખેતરોમાં દેખાતી નીલગાયને લઈ અકસ્માતો પણ થઈ રહયા છે. અને વાહનની અડફેટે આવી જતી નીલગાયના મૃત્યુ પણ નીપજે છે. એક તરફ વિકાસના નામે કોંક્રીટનું જંગલ વ્યાપી રહ્યું છે તો વન્ય પશુઓનો વિસ્તાર ઓછો થઈ રહ્યો છે. જેને લઈ નીલગાય શહેરો નજીક આવી ગઈ છે. વન્ય પશુઓ પણ પર્યાવરણનો ભાગ છે એ ન ભૂલવું જોઈએ. તસ્વીરમાં એક નીલગાય ગાંધીનગર નજીક હાઈવે પર આવી ગઈ છે.




ગાંધીનગરમાં ભાજપ ઓફિસ કમલમ ખાતે પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું. આનંદીબેનની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

### પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન સંબોધન પણ કર્યુ

# આનંદીબેન પટેલનુ ખાસરીતે સન્માન : રૂપાણી પણ હાજર

ગાંધીનગર,

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું આજે ભાજપા ઓફિસ કમલમ ખાતે ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ અને કેબિનેટના અન્યો સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આનંદીબેન પટેલે આ સન્માન કાર્યક્રમમાં સંઘથી લઈને રાજકારણ સુધીના તેમના અનુભવ અંગે માહિતી આપી હતી. આનંદીબેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણૂંક કરવામાં આવ્યા બાદ ગુજરાત સરકાર તરફથી ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના અભિપ્રાય આપ્યા હતા. રૂપાણીએ કહ્યું હતું કે, ગુજરાતમાંથી વજુભાઈ સહિત ઘણા રાજ્યપાલ બની ચુક્યા છે. આનંદીબેનને રૂપાણીએ શુભેચ્છા પાઠવી હતી. આનંદીબેને આ પ્રસંગે પોતાના અનુભવની વાત કરી હતી. આનંદીબેન પટેલને રાજયપાલ તરીકેની જવાબદારી સોંપવામાં આવ્યા બાદથી ગુજરાતના રાજકારણમાં આની ચર્ચા જોવા મળી રહી છે. ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે આનંદીબેને ઉલ્લેખનીય સેવા આપી હતી. મધ્યપ્રદેશમાં શિવરાજસિંહ ની સરકાર ચાલી રહી છે. ભાજપ સરકાર હોવાથી આનંદીબેને ને કામ કરવામાં સરળતા પઠી સકે છે. આનંદીબેને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ઉલ્લેખનીય કામગીરી અદા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન આનંદીબેન પટેલની ગઈકાલે મધ્યપ્રદેશના રાજયપાલ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. રાજયપાલ બનવા માટે આનંદીબેન પટેલ પણ તૈયાર થયા બાદ આની જાહેરાત કરવામાં આવી હતી.

### નલિયામાં લઘુતમ તાપમાન ઘટીને ૮.૮ ડિગ્રી

# અમદાવાદ સહિત રાજ્યમાં ફરી તીવ્ર ઠંડીનુ મોજ ફેલાયુ

## રાજ્યમાં સતત તાપમાનમાં ફેરફારના લીધે લોકો પરેશાન

અમદાવાદ,

અમદાવાદ અને ગાંધીનગર સહિત રાજયના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થતાં ઠંડીનો ચમકારો જોવા મળ્યો છે.અમદાવાદ શહેર અને રાજયના અન્ય વિસ્તારોમાં લઘુતમ અને મહત્તમ તાપમાનમાં ફેરફારની સ્થિતી જોવા મળી રહી છે. નલિયા ફરી એકવાર ઠંડુગાર થયુ છે. અમદાવાદમાં સવારે ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. બપોરે ગરમીનો અનુભવ થયો છે. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ઘટીને ૧૧.૮ ડિગ્રી થયું હતુ. જયારે પાટનગર ગાંધીનગરમાં ૧૧ ડિગ્રી લઘુત્તમ તાપમાન રહ્યું હતું. નલિયામાં પણ લઘુત્તમ તાપમાન ઘટીને ૮.૮ થયું હતું. લઘુત્તમ તાપમાનમાં આગામી બે ત્રણ દિવસ દરમિયાન વધુ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. હાલમાં તાપમાનમાં વધારે કોઇ અસર થાય તેવા સંકેત દેખાઇ રહ્યા નથી. અમદાવાદમાં આવતીકાલે લઘુતમ તાપમાન ૧૩ ડિગ્રીની આસપાસ રહી શકે છે. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજયભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજયભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઇ ફેરફાર થવાના સંકેત દેખાઈ રહ્યા નથી. રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોને હવે પહેલાની સરખામણીમાં ઠંડીથી રાહત થઇ છે. કારણ કે લઘુત્તમ તાપમાનમાં હવે પહેલાની સરખામણીમાં વધારો થઇ ચુક્યો છે. હવે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. આવી સ્થિતિમાં રાજયમાં ઉંમરલાયક વૃધ્ધોની સાથે બાળકો અને શ્વાસને લગતી વિવિધ બીમારીનો શિકાર એવા લોકો માટે વહેતા થતા ઠંડા પવનોને કારણે મુસીબતમાં વધારો થવા પામ્યો છે. હાલમાં ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે.

### સરકારની કામગીરીને રોકવાના પ્રયાસ : સિસોદિયા

# એએપી સરકારની કામગીરીથી ભાજપ-કોંગી ખુબ જ પરેશાન

## ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવા માટે ભલામણ કરવામાં આવ્યા બાદથી રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરાશે

નવી દિલ્હી,

ચૂંટણી પંચ દ્વારા લાભના હોદ્દાના મામલે આમ આદમી પાર્ટીના ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવા માટેની ભલામણ કરવામા આવ્યા બાદ મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલના નેતૃત્વમાં સરકાર લાલઘુમ થયેલી છે. કેજરીવાલ સરકાર આક્રમક રીતે આગળ વધવા માટે ઈચ્છુક છે. ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવાની ચૂંટણી પંચની ભલામણ અંગે દિલ્હીના નાયબ મુખ્યપ્રધાન મનીષ સિસોદિયાએ આજે કહ્યુ હતુ કે ભાજપ અને કોંગ્રેસના લોકો તેમની સરકારની સારી કામગીરીના કારણે પરેશાન થયેલા છે. વિરોધ પક્ષના લોકો અમારી ઝડપથી ચાલી રહેલી સારી કામગીરીને રોકવા માટે પ્રયાસ કરી રહ્યા છે. એએપીના નેતા સિસોદિયાએ કહ્યુ હતુ કે ચૂંટણી પંચે પક્ષપાત કર્યો છે. અમે આ મામલે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરી રહ્યા છીએ. બીજી બાજુ કેજરીવાલના આવાસ પર ૨૦ ધારાસભ્યોની સાથે મહત્વપૂર્ણ બેઠક પણ યોજાઇ હતી. રાષ્ટ્રપતિનો સમય માંગવામાં આવ્યો છે. અમને રજૂઆત કરવાની કોઇ તક અપાઇ નથી. દિલ્હીમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં એએપી સરકારને ગઇકાલે મોટો ફટકો પડ્યો હતો. ચૂંટણી પંચે લાભના હોદ્દાના મામલામાં એએપીના ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરી દીધા હતા. તમામની નજર રાષ્ટ્રપતિ કોવિંદ ઉપર કેન્દ્રિત થઇ ગઇ છે. જે મામલામાં અંતિમ મંજુરીની મહોર મારનાર છે. રાષ્ટ્રપતિ જો ચૂંટણી પંચની ભલામણના આધાર પર આ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરશે તો દિલ્હીમાં આ તમામ સીટો ઉપર ફરીથી ચૂંટણી માટેની સ્થિતિ સર્જાઈ શકે છે અને આમ આદમી પાર્ટીને મરણતોળ ફટકો પડી શકે છે. અલબત્ત એક બાબત નક્કી છે કે, ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવાની સ્થિતિમાં પણ ૬૭ સીટોની બમ્પર બહુમતિ ધરાવનાર કેજરીવાલ સરકાર અકબંધ રહેશે. આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. આમ આદમી પાર્ટીએ આ મામલામાં ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર પર તેજાબી પ્રહારો કર્યા હતા. શુક્રવારના દિવસે ચૂંટણી પંચની ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી જેમાં આ સંદર્ભમાં રાષ્ટ્રપતિને અહેવાલ મોકલવાનો નિર્ણય કરાયો હતો. આ મામલાની તપાસ રાષ્ટ્રપતિના નિર્દેશ ઉપર જ કરવામાં આવી રહી હતી. ચૂંટણી પંચે ૨૧ ધારાસભ્યોને લાભના હોદ્દાના મામલામાં અગાઉ કારણદર્શક નોટિસ જારી કરી હતી

# ફરી વખત મુંબઇ બ્લાસ્ટને દોહરાવવા દાઉદની તૈયારી

## ડોન દાઉદના કાવતરા મામલે કેન્દ્ર સરકારને જાણ કરાઇ

મુંબઇ,

વર્ષ ૧૯૯૩ના મુંબઇ સિરિયલ બોમ્બ બ્લાસ્ટના માસ્ટરમાઇન્ડ દાઉદ ઈબ્રાહિમ ૨૪ વર્ષ બાદ ફરી એકવાર બ્લાસ્ટને દોહરાવવાની તૈયારી કરી રહ્યો હોવાની ચોંકાવનારી વિગત સપાટી પર આવી છે. મુંબઇ પોલીસે પાકિસ્તાનમાં રહેતા દાઉદના ભાઇ અને ભારતમાં તેના સાગરીતોની વાતચીતને ઈન્ટરસેપ્ટ કરી લીધી હોવાની વિગત હાલમાં સપાટી પર આવી હતી. દાઉદના આ ખતરનાક કાવતરાના સંબંધમાં કેન્દ્ર સરકારને પણ જાણ કરી દેવામાં આવી છે. દાઉદના આ ઈરાદાથી સાફ થઇ જાય છે કે ભારતના સૌથી પ્રભાવશાળી અને શક્તિશાળી જગ્યાએ પર તેના લોકો હજુ પણ છે. આવી સ્થિતીમાં દાઉદ આ લોકોને પકડી પાડવા માટે પોલીસ અને કેન્દ્રિય તપાસ સંસ્થાઓની સામે પડકારો વધી જાય છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ભાગેડુ દાઉદ અને તેની કંપનીના કેટલાક લોકો હજુ પણ ભારતમાં બેસીને પોતાના ઈરાદાને પાર પાડવા માટેની યોજના બનાવતા રહે છે. હાલમાં પણ આ લોકો કાવતરા ઘડી કાઢવામાં લાગેલા છે. આવી સ્થિતીમાં મુંબઇ પોલીસ દ્વારા દાઉદના પાકિસ્તાનમાં રહેલા ભાઇ અને ભારતમાં તેના લોકો વચ્ચે થયેલી વાતચીત ટેપ કરી લેવામાં આવી છે. આ વાતચીતને ટેપ કરવામાં આવ્યા બાદ દાઉદના મોટા કાવતરાનો પર્દાફાશ થઇ ગયો છે. આ વાતચીતમાં મુંબઇ પોલીસને કેટલીક ઉપયોગી માહિતી હાથ લાગી છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે દાઉદ અને તેના સાગરીતો મુંબઇ હુમલા જેવા મોટા હુમલાની તૈયારી કરી રહ્યા છે.



યુનિવર્સિટી પાસે આવેલી સેપ્ટ કોલેજમાં કનવોકેશનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પાકિસ્તાનના ગોળીબારમાં બે જવાન અને બે નાગરિકોના મોત

# પાકિસ્તાનનો સરહદ પર અવિરત ગોળીબાર : સ્થિતી ખુબ વિસ્ફોટક

## જમ્મુ કાશ્મીરના ચાર જિલ્લાઓમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા પાસે નાગરિકો વિસ્તારો અને સરહદી ચોકીઓ પર ભીષણ ગોળીબાર કરાયો

જમ્મુ,

પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને ભારતીય ચોકીઓ પર ગોળીબાર કરવાનો સિલસિલો જારી રાખ્યો છે. જમ્મુ કાશ્મીરના ચાર જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા નજીકના નાગરિક વિસ્તારો અને સરહદી ચોકીઓ પર પાકિસ્તાને યુદ્ધવિરામનો ંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો છે. જેમાં બે સુરક્ષા જવાનો શહીદ થયા છે અને બે નાગરિકોના પણ મોત થયા છે. પાકિસ્તાનના અવિરત ગોળીબારના કારણે સરહદ પર વિસ્ફોટક સ્થિતી પ્રવર્તી રહી છે. પાકિસ્તાનના ગોળીબારમાં અન્ય ૩૫ લોકો ઘાયલ થયા છે. લોકોમાં વ્યાપક દહેશત પણ ફેલાઇ ગઇ છે. ભારતીય જવાનો જોરદાર જવાબી કાર્યવાહી કરી રહ્યા છે. પાકિસ્તાની સેનાએ અંકુશ રેખા નજીક સુન્દરબની સેક્ટર (રાજોરી જિલ્લા)માં કોઇ પણ ઉશ્કેરણીવગર ગોળીબાર કર્યો હતો. ભારતીય જવાનોએ પણ અઈસરકારક જવાબ આપ્યો હતો. પાકિસ્તાની જવાનોએ આંતરરાષ્ટ્રીય સરહદના ૫૦ કિલોમીટરના વિસ્તારોમાં સરહદી ચોકીઓ પર ગોળીબાર કર્યો હતો. ૫૦તી વધારે ચોકીઓને ટાર્ગેટ બનાવીનો ગોળીબાર કરવામાં આવ્યો હતો. થોડાક દિવસ પહેલા ભારતીય સેનાએ પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા ગોળીબાર બાદ જવાબી કાર્યવાહી કરીને પાકિસ્તાનના ચાર જવાનોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. હેવાલ મુજબ પાકિસ્તાને અરનિયા સેક્ટરમાં પણ ગોળીબાર કર્યો હતો. આના કારણે કેટલાક ગામોને નુકસાન થયુ છે. ભારતીય સેનાએ ઉત્તરાયણ બાદ અંકુશરેખા પર મોટુ ઓપરેશન હાથ ધર્યું હતું જેના ભાગરુપે સાત પાકિસ્તાની સૈનિકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. અન્ય ચાર જવાનો ઘાયલ પણ થયા હતા. જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં અંકુશરેખા ઉપર પાકિસ્તાની ગોળીબારમાં એક ભારતીય જવાન શહીદ થયા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.કોટલી સેક્ટરમાં અંકુશ રેખા પર તેના ચાર સૈનિકો માર્યા ગયા હતા.પાકિસ્તાને ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા પર યુદ્ધવિરામ ભંગના ૭૨૦ વખત પ્રયાસો કર્યા હતા જે છેલ્લા સાત વર્ષની અંદર સૌથી વધારે છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય પાસે રહેલા આકંડા મુજબ પાકિસ્તાની સેનાએ વર્ષ ૨૦૧૬માં ૪૪૯ વખતની સરખામણીમાં આંતરરાષ્ટ્રીય સરહદ-અંકુશરેખા ઉપર યુદ્ધ વિરામ ભંગના ૪૨૪ વખત પ્રયાસો કર્યા હતા.ગયા વર્ષે ઓક્ટોબર સુધી સરહદપારથી કરાયેલા ગોળીબારમાં ૧૨ નાગરિકો, ૧૭ સુરક્ષા જવાનો શહીદ થયા હતા.બીએસએફના મહાનિર્દેશક કેકે શર્માએ કબુલાત કરી છે કે અંકુશ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર સ્થિતી વિસ્ફોટક બનેલી છે. અત્રે નોંધનીય છે કે ગઇકાલે આરએસ પુરા સેક્ટરમાં પાકિસ્તાને ભીષણ ગોળીબાર કર્યો હતો. ગઇકાલે અરણિયા, રામગઢ સેક્ટરમૌં ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સેનાએ સતત ચોથા દિવસે ગોળીબાર કર્યો હતો. ગુરૂવારના દિવસે પણ કાશ્મીરના આરએસ પુરા સેક્ટરમાં પાકિસ્તાનો ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ભીષણ ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાનના અવિરત ગોળીબારના કારણે સરહદ પર વિસ્ફોટક સ્થિતી સર્જાઇ ગઇ છે.બુધવારે મોડી રાત્રે પાકિસ્તાને એકાએક ગોળીબાર કરવાની શરૂઆત કરી હતી. પાકિસ્તાને કરેલા ગોળીબારમાં છ જવાનો શહીદ થયા છે અને ૫૦થી વધારે નાગરિકો ઘાયલ થયા છે.

### કલમ ૮૮ હેઠળ રાહત આપવા માટેની પણ માંગ

# દલાલ સ્ટ્રીટની માંગણી પર ધ્યાન અપાય તેવી શક્યતા

## બેંક ફંડિંગ તેમજ તેના વિસ્તરણની યોજનાને ટેકો મળશે

નવી દિલ્હી,

સામાન્ય બજેટ અડે હવે વધારે દિવસો રહ્યા નથી ત્યારે તમામ દ્વારા પોત પોતાની રજૂઆત કરવાનો સિલસિલો જારી રહ્યો છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામા ંઆવનાર છે ત્યારે દલાલ સ્ટ્રીટ દ્વારા પણ પોતાની રજૂઆત કરી દેવામાં આવી છે. દલાલ સ્ટ્રીટે હવે ફરી કેટલીક માંગણી દોહરાવી છે. દલાલ સ્ટ્રીટ સાથે જોડાયેલા નિષ્ણાંતોનુ કહેવુ છે કે બેંક ફંડિગને લઈને સરળતા પડે તે દિશામાં પહેલ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે તેના વિસ્તૃતીકરણના કાર્યક્રમને પણ વેગ મળે તે જરૂરી છે. નાણાં પ્રધાન અરૂણ જેટલીને બજેટ પહેલા જુદી જુદી માંગણી મળી રહી છે. નિષ્ણાંતો કહે છે કે શેરબજારમાં નોકરીની વધારે તકો સર્જાય તે દિશામાં પહેલ કરવા માટે માંગણી કરવામાં આવી રહી છે. સાથે સાથે અર્થતંત્રમાં શેરબજારની ભૂમિકા વધારે મજબુત બનશે. ફોરમે અન્ય કેટલીક રજૂઆતો પણ કરી છે. ભારતીય મુડી બજાર ઈન્ફ્રાસ્ટક્ચરને વિશ્વના સૌથી મોટા પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. દલાલ સ્ટ્રીટ પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કારણ કે છેલ્લા કેટલાક સમયથી શેરબજારમાં ભારે અફડાતરફી જોવા મવી રહી છે. બીએસઈ અને નેશનલ સ્ટોક એક્સચેંજ સમક્ષ ૧૪૦૦થી વધારે બ્રોકર નોંધાયેલા છે. આવી જ રીતે આશરે ૫૦૦૦૦ નોંધાયેલા સબ બ્રોકરો છે. ફોરમે દાવો કર્યો છે કે ઈન્ડસ્ટ્રીઝ દરજ્જાની માંગ છેલ્લા કેટલાક સમયથી રહેલી છે. બે દશક જુના ફોરમ તરફથી કેટલીક માંગણી કરવામાં આવી છે. ફોરમમાં આશરે ૮૫૦ સભ્યો રહેલા છે. આવકવેરા કાયદાની જુદી જુદી કલમો સાથે સંબંધિત અન્ય માંગ પણ રહેલી છે. જેમાં સેક્શન ૮૮ ઈ હેઠળ રાહત ફરી શરૂ કરવાની માંગ સામેલ છે. રોકાણકારો પણ બોજ ઘટે તેવા પગલા લેવાની માંગ પણ કરવામાં આવીછે. બજેટમાં તેમની કેટલીક માંગ સ્વીકારવામાં આવે છે અને કેટલી માંગ સ્વીકારાશે નહી તે અંગે માહિતી બજેટ બાદ મળી શકશે. જેટલી વર્તમાન સરકારનુ અંતિમ ફુલ બજેટ રજૂ કરવા જઈ રહ્યા છે.

### પાલનપુરને મળી શકે છે નવી મેડિકલ કોલેજ

# ગુજરાતમાં એમબીબીએસની ૩૭૦ બેઠકો વધે તેવી શક્યતા

અમદાવાદ,

ગુજરાતમાં મેડિકલ અભ્યાસ માટેની બેઠકો વધીને ૪ હજાર પર પહોંચે તેવી શક્યતા છે. રાજ્યમાં અલગ-અલગ મેડિકલ કોલેજો દ્વારા પોતાની બેઠકો વધારવા માટે અરજી કરવામાં આવી છે. તેમજ કેટલીક નવી કોલેજો પણ શરુ કરવા અરજી કરાયેલ છે. જો આ અરજી સ્વીકારી લેવામાં આવે તો ગુજરાતમાં મેડિકલ અભ્યાસની બેઠકો વધીને ૪ હજાર પર પહોંચી જશે. પાલનપુર અને દાહોદમાં નવી મેડિકલ કોલેજ ખોલવા માટે અરજી કરવામાં આવી હતી. જેમાંથી દાહોદનો પ્રસ્તાવ ફગાવી દેવાયો છે. જયારે પાલનપુરને મેડિકલ કોલેજની મંજુરી મળે તેવી પુરે પુરી શક્યતા છે. જો આ કોલેજને મંજુરી મળશે તો તેમાં એમબીબીએસની નવી ૧૫૦ બેઠકો ઉભી થશે. સુત્રોના જણાવ્યા મુજબ, કેન્દ્રની ગ્રીન ફિલ્ડ પોલીસી અંતર્ગત બનાસ ડેરીએ પાલનપુરમાં મેડિકલ કોલેજ ખોલવા માટે અરજી કરી હતી.

આ ઉપરાંત વડોદરા મેડિકલ કોલેજે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા સમક્ષ ૭૦ બેઠકો વધારવા માટે મંજુરી માંગી છે. અત્યારે વડોદરા મેડિકલ કોલેજમાં ૧૮૦ બેઠકો છે. જો આ મંજુરી મળી જશે તો તે વધીને ૨૫૦ થઈ જશે. આજ રીતે જામનગર અને સુરત મેડિકલ કોલેજમાં પણ બેઠકો વધારવાની મંજુરી માંગવામાં આવી છે. જામનગરમાં અત્યારે ૨૦૦ બેઠકો છે અને સુરતમાં ૨૫૦ બેઠકો છે. કુલ મળીને રાજ્યમાં મેડિકલની નવી ૩૭૦ બેઠકો ફળવાય તેવી શક્યતા છે. અત્યારે રાજ્યમાં ૨૪ મેડિકલ કોલેજોમાં કુલ મળીને ૩૬૮૦ બેઠકો છે. જો નવી બેઠકોને મંજુરી મળશે તો આ આંકડો ૪ હજારને પાર થઈ જશે.

## ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવા અહમદ પટેલની માંગ

અમદાવાદ,

સરકાર દ્વારા નર્મદાના પાણી પર મુકવામાં આવેલ કાપને કોંગ્રેસ સાંસદ અહમદ પટેલે અયોગ્ય ગણાવ્યો છે. તેમણે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીને પત્ર લખીને ખેડૂતોને સિંચાઈ માટે પાણી પુરુ પાડવા માટે માંગણી કરી છે. અહમદ પટેલે જણાવ્યુ છે કે તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ખેડૂતોને બારે માસ પાણી પુરુ પાડવાનુ વચન આપ્યુ હતું, જે વર્તમાન મુખ્યમંત્રી તે વિજય રૂપાણીએ હવે પુરુ કરવુ જોઈએ. નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે વચન આપ્યુ હતું કે નર્મદાનુ પાણી પહેલા ખેડૂતોને સિંચાઈ માટે અપાશે ત્યારબાદ જ વધશે તો ઉદ્યોગોને અપાશે.

### વડોદરા નજીક સર્જાયો ગમખ્વાર અકસ્માત

# મેડિકલ વિદ્યાર્થીઓની કારને અકસ્માત : ત્રણના મોત થયા

અમદાવાદ,

કોલેજથી પરત ફરી રહેલ વિદ્યાર્થીનીઓની ગાડીને વડોદરા નજીક અકસ્માત નડતા એક વિદ્યાર્થીની સહિત ત્રણના મોત થયા છે. જ્યારે ત્રણ વિદ્યાર્થીનીઓ ઘાયલ થતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવી છે. કરમસદથી વડોદરા વચ્ચે ભીમપુરા અને સેરખી ગામ વચ્ચે આ અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલ શિવાંજલી સોસાયટીમાં રહેતી મૈત્રી રાજપુત કરમસદ ખાતે આવેલ ક્રિષ્ના મેડિકલ કોલેજમાં ફિઝિયોથેરાપીના ફાઈનલ યરમાં અભ્યાસ કરતી હતી.તેણે વડોદરાના અન્ય વિદ્યાર્થીઓ સાથે કોલેજ જવા-આવવા માટે વડોદરાના મકરપુરામાં રહેતા હેમરાજ ચૌધરીની ઈકો કાર બંધાવી હતી. કારચાલક હેમરાજ આજે બપોરે કરમસદથી વિદ્યાર્થીઓને લઈ વડોદરા પરત ફરી રહ્યો હતો ત્યારે તેમની ગાડી ભીમપુરા-સેરખી ગામના પાટીયા નજીક એક ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતના કારણે વિદ્યાર્થીઓની ગાડીનો ખુરદો બોલી ગયો હતો. જેમાં એક વિદ્યાર્થીની અને કાર ચાલકનુ મોત થયુ હતું. આ ઉપરાંત ટ્રકે એક બાઈકચાલકને પણ અડફેટે લીધો હતો, જેના કારણે બાઈકચાલકનુ પણ ઘટના સ્થળે મોત નિપજ્યુ હતું. જ્યારે અકસ્માતમાં ઘવાયેલ ત્રણ લોકોને સારવાર અર્થે વડોદરાની ગોતરી અને સ્ટર્લિંગ હોસ્પિટલમાં ખસેડાયા છે. આ અકસ્માતના કારણે રસ્તા પર ટ્રાફિકજામ થઈ ગયો હતો. તેમજ લોકોના ટોળેટાળો ઉમટી પડ્યા હતા. લોકોએ ઘટના અંગે પોલીસને જાણ કરતા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જેમણે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
મેનેજિંગ તંત્રી : મિનાક્ષી રાવલ

**ગાંધીનગર મુખ્ય કાર્યાલય**

બ્લોક - ૬૭૭/૨, 'ઘ' ટાઈપ,
સેકટર-૮, ગાંધીનગર
ફોન : +91-79-23238022
ફેક્સ : +91-79-23238022
મો. : +91- 9537656922
મો. : +91- 98246 53073

ગાંધીનગર શહેર, જિલ્લા તેમજ અમદાવાદ શહેર અને જિલ્લાના સમાચારો જાહેરખબર તેમજ કોપી મેળવવા ગાંધીનગર તથા અમદાવાદ કાર્યાલયની મુલાકાત લેવી.

**એડીટોરીયલ ચીફ :**
**બકુલ એ. રાવલ**
**અમદાવાદ મુખ્ય કાર્યાલય**

૨૧, અનંત એપાર્ટમેન્ટ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે, માનવમંદિર, મેમનગર, અમદાવાદ-૩૮૦૦૫૨.
(મો) ૯૮૨૪૦ ૯૬૨૫૦

સહતંત્રી : **નિલેશભાઈ રાવલ**

૨૫૬૭, ગોઝારીયા પોળ,
હલીમની ખડકી પાસે, શાહપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧
(મો) ૯૩૨૭૦ ૮૫૫૨૪

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩ ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ૨૫૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

'જન ફરિયાદ'માં પ્રસિદ્ધ થતાં તમામ સમાચારો, ફરિયાદો, કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેષબુદ્ધિ વગર માત્ર જ છાપવામાં આવે છે. તેમ છતાં પ્રગટ થયેલ લખાણમાં હકીકત દોષ કે ખરેખર અન્યાય થયો હોય તો લાગતા વળગતાઓએ પુરાવા સાથે ધ્યાન દોરવું જેથી યોગ્ય કરવામાં આવશે. પ્રતિનિધિઓને કે કોઈપણ વ્યક્તિએ પુરાવા સાથે ફરિયાદો કે સમાચાર મોકલવાના રહેશે. તે વગર છપાશે નહિ. પ્રસિદ્ધ થયેલ સમાચાર ફરિયાદો વગેરે માટે લખનાર જવાબદાર ગણાશે અને જનફરિયાદ કોઈપણ રીતે જવાબદાર નથી. કોઈપણ જાતના વાદવિવાદ, તકરાર કે કાયદાકીય ગૂંચ માટેનું કાર્યક્ષેત્ર અમદાવાદની કોર્ટ રહેશે. - તંત્રી

**તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.**
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001